Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

154

# તંત્રીલેખ એટલે શું? રાજકોટના પ્રાત:દૈનિકોમાં તંત્રીલેખનો અભ્યાસ

દિવ્યા કે ત્રિવેદી

માહિતી મદદનીશ પ્રાદેશિક માહિતી કચેરી રાજકોટ

**પ્રસ્તાવના :**

અખબારો લોકોને વિશ્વદર્શન કરાવવાનું કાર્ય કરે છે. લોકોની આસપાસ બનતી ઘટનાઓથી લોકોને અવગત કરાવે છે. પરંતુ વર્તમાનપત્રોએ માત્રને માત્ર લોકો સુધી માહિતી પહોંચાડવાની નથી, તે માહિતીનું વિશ્લેષણ કરી લોકોને જાગૃત પણ કરવાના છે. અને આ કાર્ય પત્રમાંનો તંત્રીલેખ કરે છે. તંત્રીલેખ એટલે વર્તમાનપત્ર અથવા સામયિકોમાં આવતો એવો લેખ જેમાં તે પત્રના તંત્રીનો દ્રષ્ટિબિંદુ હોય છે. અથવા તો બીજા જેનો પત્ર પર અંકુશ છે તેવા વ્યક્તિ કે વ્યક્તિસમૂહનો દ્રષ્ટિકોણ આપવામાં આવ્યો હોય છે.

તંત્રીલેખની મહત્તા ખૂબ વધારે છે. એક રીતે કહી શકાય કે તંત્રીલેખ એ સામાન્ય નાગરિકને પણ કોઈ વિષય પર ઉંડાણપૂર્વક વિચારતો કરે છે. તંત્રીલેખ માટે અનેક વિશેષજ્ઞોના મત અલગ છે.

**તંત્રીલેખ એટલે શું? :**

તંત્રીલેખ માટે અનેક વિચારકો, મહાન પત્રકારોએ અલગ અલગ વ્યાખ્યા આપી છે અને આ દરેક વ્યાખ્યા તંત્રીલેખનો હાર્દ, તેનું મહત્વ પણ દર્શાવે છે.

પુલિત્ઝરે કહ્યું છે તેમ, 'વર્તમાનપત્રનાં અંતરાત્મા, હિંમત અને પ્રતિતી અથવા તો શ્રધ્ધાની અભિવ્યક્તિ તેમાં હોવી જોઈએ.'

આ વ્યાખ્યા જ તંત્રીલેખને વર્તમાનપત્રના આત્મા અને તેની પોતાની નીતિ રીતિની શ્રધ્ધેયતાપૂર્વકની અભિવ્યકિત તરીકેના સાધનરૂપ દર્શાવે છે. તંત્રીલેખની પ્રણાલી વર્ષોવર્ષથી ચાલતી આવે છે. તંત્રીલેખમાં માત્ર તે વિષયને અનુરૂપવામાં નથી આવતો. તંત્રીલેખ એ વાંચકને તે વિષયની સ્પષ્ટ સમજણ આપે, તેવું વિષયલક્ષી વિશ્લેષણ પણ આપે છે.

તંત્રીલેખએ અખબારનો પોતાનો સ્વતંત્ર અવાજ છે. આજ દ્રષ્ટિકોણને ધ્યાને લઈ વ્હાઈટએ તંત્રીલેખ વિશે કહ્યું છે કે, ' દૈનંદિન સમાચાર અથવા વલણો વિશેની સ્વતંત્ર અભિવ્યક્તિ છે, જે સંક્ષેપમાં તેમજ શૌર્યથી, ડહાપણ ધરાવનાર, દયાળુ હદયના માનવી દ્વારા રજૂ થયેલ છે. કટુતા, પૂર્વગ્રહ અને ભયને તંત્રીલેખમાં સ્થાન ન હોય. જો આ તત્વો તેમાં આવે તો તેની નિર્બળતા ગણાય. પછી ભલે તેમાં ગમે તેવી બડાઈ મારવામાં આવી હોય.' વ્હાઈટે પોતાના અભિપ્રાયમાં તંત્રીલેખ કેવો હોવો જોઈએ ?, તેમાં શું હોવું અને શું ન હોવું જોઈએ? તે બધું જ દર્શાવ્યું છે. તંત્રીલેખમાં સંક્ષેપીકરણ મહત્વનું છે અને સાથે જ જે પણ વિશ્લેષણ, આલોચના, ટીપ્પણી હોય તે સાહજિક, સંયમિત ભાષામાં હોવી જોઈએ. તંત્રીલેખમાં આલોચનાને

સ્થાન છે પરંતુ પૂર્વગ્રહયુક્ત આલોચના કે વ્યકિતગત પૂર્વગ્રહયુકત ટીપ્પણીએ સ્થાન નથી. તંત્રીલેખ સ્પષ્ટ હોવો જોઈએ. વાંચકને સમજાય તેવો અને કાંઈપણ જોખમી બાબત પણ હોય તો પણ તે હિંમતથી તે ઘટના, વિષયને વિશ્લેષણપૂર્વક રજૂ કરે છે. તંત્રીલેખની અભિવ્યક્તિમાં ભયને સ્થાન નથી. તંત્રીલેખની જવાબદારી માત્ર સત્યને રજૂ કરવાની છે. આ જવાબદારી તેણે આનંદપૂર્વક પૂરી કરવાની છે.

તંત્રીલેખ વિશેની લોયલ સ્પેન્સરની વ્યાખ્યા તાર્કિક છે. 'તંત્રીલેખ એટલે હકીકતની રજૂઆત અને સંક્ષિપ્ત તેમજ તાર્કિક રીતે તેના પર અભિપ્રાયની અભિવ્યક્તિ. જે રંજન કરી શકે તેવી આહ્લાદક, લોકમત પ્રભાવિત કરવા સમર્થ હોય અને સાર્થકતા ધરાવનાર સમાચારનું અર્થઘટન એવી રીતે કરે કે જેથી સામાન્ય વાચકને તેનું મહત્વ તરત જ સ્પષ્ટ પ્રતીતીકર થાય. સ્પેન્સરની વ્યાખ્યા અનુસાર સમાચારનું અર્થઘટન અને તાર્કિક વિશ્લેષણ જેનું મહત્વ સામાન્ય વાચકને મન પણ હોય તેને તંત્રીલેખ કહી શકાય.

પહેલા અખબારોમાં તંત્રીલેખો ખાસ તંત્રી લખતા પરંતુ ધીમે ધીમે તેમાં ફેરફાર આવ્યો છે. આજે તંત્રીલેખ પણ ટીમવર્ક દ્વારા કરવામાં આવે છે. એક તંત્રી અને તેના બે સહાયક તંત્રી કોઈ વિષય પસંદ કરે તેના પર ચર્ચા કરે અને ત્યારબાદ તે તંત્રીલેખ લખવામાં આવે છે. આ રીતે તંત્રીલેખ આપવાના કારણે વાંચકોને ફાયદો થાય છે કે તંત્રીલેખના વિષય પર તેમને વધુ વૈવિધિક અને તલસ્પર્શી જ્ઞાન મળે છે. ઉપરાંત એક વ્યક્તિના વિચારો નહી. પરંતુ ઘટનાના દરેક પાંસાની છણાવટ કરી મૂલવવામાં આવી હોવાને કારણે તેની વિશ્વસનીયતામાં વધારો થાય છે.

આ રીતે ટીમવર્ક મોટાભાગે મધ્યમ અને મોટા અખબારો કરી શકાતું હોય છે. પરંતુ નાના અખબારોમાં તંત્રીલેખ તંત્રી પોતે લખતો હોય છે. ત્યારે તંત્રીલેખ પરત્વે તંત્રી એકની જવાબદારી વધી જતી હોય છે.

વળી આજે તંત્રીલેખ લખવા માટે ખાસ નિષ્ણાંતો પણ રોકવામાં આવે છે. અથવા તો તંત્રીલેખ લખતી ટીમમાં એવા નિષ્ણાંતોનો સમાવેશ કરવામાં આવે છે જેના કારણે નિષ્ણાંત દ્વારા પણ ચર્ચા કરી તંત્રીલેખમાં પૂરું જ્ઞાન પીરસવામાં આવી શકે. પરંતુ તંત્રીલેખ માટે તંત્રીની જવાબદારી હોય છે.

તંત્રીલેખ વર્તમાનપત્ર માટે લોકોના મનમાં એક છાપ ઉભી કરે છે. આદર જન્માવે છે. તંત્રી જે ટીપ્પણી કરે છે તે લોકોને વિચાર કરવા પ્રેરે છે. અને ટીપ્પણી માટે કહેવામાં આવે છે. "एक अच्छी टिप्पणी दस जानकारियों के बराबर होती है।" (૧) અથી જ તંત્રીલેખમાં કરવામાં આવેલી ટીપ્પણીઓ સામાજિક ચેતના માટે જરૂરી હોય છે.

તંત્રીલેખ સામાન્ય રીતે ઓછા લોકો વાંચે છે. પરંતુ જે વાંચે છે તે સમાજનો બુધ્ધિજીવી વર્ગ છે અને આ બુધ્ધિજીવી વર્ગ જ સામાન્ય લોકોના ઓપીનીયન લીડર હોય છે. આમ, તંત્રીલેખના વાંચકોનો પ્રભાવ સમાજ પર વધુ જોવા મળે છે. આમ, એક રીતે તંત્રીલેખ ઓછાં વાંચકો કરતાં એક કલાસને અપીલ કરે છે તેવું જ્ઞાન આપે છે તેમ કહી શકાય.

તંત્રીલેખ અને તંત્રીપૃષ્ઠ એ સમાચાર પત્રનું વ્યક્તિત્વ છતુ કરે છે. જો કોઈ તંત્રી સારું તંત્રીપૃષ્ઠ નથી આપી શકતો તો તેનો બધો જ પરિશ્રમ નિષ્ફળ જાય છે. આ સંદર્ભમાં પત્રકાર

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

અને લેખક ખુશવંતસિંહ એ કહ્યું છે કે "The function of an editor of a daily paper is largely if not entirely directional political and administrative virtually the only part of the paper on which an editor can impose his personal stamp is on the edit page. The rest is at the mercy of the news editor who presides over the desk, the chief of bureau and the reporters. Very often the editors only see their handwork when the paper is delivered to him in the early hours of the morning. Then all he can do is to perform a kind of postmortem in the hope that improvements will follow." (3)

ખુશવંતસિંહના ઉપરોકત વિધાનને તદ્દન સત્ય ગણી શકાય. તંત્રી પૃષ્ઠ અને તંત્રીલેખ એક એવી જગ્યા છે જયાં સંપાદકની પોતાની છાપ રહે છે. અખબારનો પોતાનો અવાજ રહે છે.

આ સંશોધનપત્રમાં રાજકોટ જીલ્લામાથી પ્રકાશિત થતા પ્રાત દૈનિકોના તંત્રીલેખોનો અભ્યાસ કરવા મુખ્ય ચાર દૈનિકોને અહી પસંદ કરવામાં આવ્યા છે.

સંશોધનમાં માહિતીનું એકત્રીકરણ અને પૃથ્થકરણ ખૂબ જ મહત્વનાં હોય છે. માહિતીનું પૃથ્થકરણ અને તેનું અર્થઘટન એ શોધ નો હાર્દ, તેનું હૃદય હોય છે. કોઈપણ અભ્યાસમાં પરિબળો વચ્ચે કાર્યકારણ સંબંધ સ્થાપવા તેમજ તાર્કિક પરિણામોથી ચકાસી વ્યર્થ ઉત્કલ્પનાઓને નાબૂદ કરવા માહિતીનું સંશોધન કરવામાં આવે છે.

આ સંશોધન માટે સંશોધકએ રાજકોટમાંથી પ્રકાશિત થતાં પ્રાતઃ દૈનિકોઃ

(૧) 'સંદેશ'

(૨) 'ગુજરાત સમાચાર'

(3) 'દિવ્ય ભાસ્કર'

(૪) 'ફૂલછાબ' ને

પસંદ કર્યા છે જે સૌરાષ્ટ્રના અગ્રણી ગુજરાતી અખબારો છે. તંત્રીલેખ સંબંધી પ્રશ્નો પર પ્રકાશ પાડવાનો તેનો આશય છે જેના સંબંધી આ ચાર પત્રોની માહિતી, તેના તંત્રીપૃષ્ઠ અને તંત્રીલેખોનો અભ્યાસ કરવામાં આવે છે. આ સંશોધન માટે સંશોધકે ઉપરોક્ત ચારેય અખબારોના તંત્રીપૃષ્ઠ તેમજ તંત્રીલેખોનું પૃથ્થકરણ કર્યુ છે.

અહી લોકોમાં તંત્રીલેખ વિશેના ખ્યાલોની જાણકારી મેળવતા પહેલાં તંત્રીલેખો વિશે સંશોધન હાથ ધર્યુ છે જેમાં સંશોધન ને બે પ્રકારમાં વહેંચવામાં આવ્યું છે.

(૧) તંત્રીલેખોની વિષય પસંદગી (૨) તેની શૈલી અને સ્વરૂપ

જેમાં વિષય પસંદગી પહેલા અખબારો દ્વારા જ તંત્રી પૃષ્ઠ પર તંત્રીલેખ ને કેટલા વિસ્તારમાં પ્રગટ કરવામાં આવે છે ? તે તપાસીએ.

**કોષ્ટક નં.૧**

| છાપું | તંત્રીપૃષ્ઠના કુલ મુદ્રિત વિસ્તાર (સે.મી.) | તંત્રીલેખના મુદ્રિત વિસ્તાર (સે.મી.) | સાપેક્ષ ટકાવારી |
|---|---|---|---|
| ગુજરાત સમાચાર | ૧૯૫૭ | ૨૪૨.૨૫ | ૧૨.૩૮% |
| દિવ્ય ભાસ્કર | ૧૮૭૨ | ૨૦૦ | ૧૦.૬૮% |
| સંદેશ | ૧૬૯૦ | ૧૦૪ | ૬.૧૫% |
| ફૂલછાબ | ૧૬૧૬ | ૨૯૨ | ૧૮.૦૭% |

કોષ્ટક નં ૧ માં અભ્યાસ કરતાં જોઈ શકાય છે કે, અધ્યયનના છાપામાં દૈનિક તંત્રીપૃષ્ઠના કુલ મુદ્રિત વિસ્તારની સાપેક્ષમાં તંત્રીલેખના મુદ્રિત વિસ્તાર બાબતે પ્રથમ ક્મે 'ફૂલછાબ' ત્યારબાદ 'ગુજરાત સમાચાર' આવે છે જયારે 'દિવ્ય ભાસ્કર' સૌથી ઓછો વિસ્તાર તંત્રીલેખ માટે આપે છે.

ઉપરોક્ત સાપેક્ષ ટકાવારી જાણ્યા બાદ ચારેય છાપા તેના તંત્રીલેખ વિશેની વર્ગીકૃત માહિતી જોઈએ જેમાં અખબારના તંત્રીલેખ નો વિસ્તાર, તેની ખાસિયત તેમજ શીર્ષક વિવરણ અને પ્રસિધ્ધ થતાં પૃષ્ઠ નંબર ને સમાવવામાં આવ્યા છે.

### (૧) વિષય પસંદગી

અધ્યયનના ચાર છાપાના તંત્રીલેખો માસ પ્રમાણે તપાસતા તેના અભ્યાસ પરથી વિષય પસંદગી પર પ્રકાશ પડે છે. અખબારો પોતે કયા વિષયો પર વધુ તંત્રીલેખો પ્રગટ કરે છે ? તેનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે.

- **સંદેશ**

૪ મહિનામાં પ્રસિધ્ધ થયેલા લેખનો કુલ સરવાળો ૧૦૩ છે જેમાં સૌથી વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બાબતોને લગતા તંત્રીલેખો આપવામાં આવ્યા છે ત્યાર બાદ રાજકારણને તંત્રીલેખોમાં પ્રાધાન્ય મળ્યું છે. જયારે રમતગમત, સાહિત્ય અને શિક્ષણ ને લગતો માત્ર એકજ તંત્રીલેખ આપવામાં આવ્યો છે. પ્રભુત્વમાં રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય બાબતના તંત્રીલેખો કુલ

અગ્રલેખોમાંથી ૨૭ ટકા જેટલા લેખોના વિષય તરીકે પસંદ થયા હતા. ત્યારબાદ ૨૫ ટકા રાજકારણ, ૨૦ ટકા અર્થકારણ વિષય મોખરે હતા.

સંપૂર્ણ અવલોકન જોતાં સંદેશમાં વિષય વૈવિધ્ય ખૂબ ઓછું જોવા મળે છે તેમજ ઉપરોક્ત ત્રણ વિષય સિવાયના વિષયોને ખૂબજ ઓછું મહત્વ આપવામાં આવ્યું છે તે જોઈ શકાય છે. અહી અન્ય વિભાગમાં સંશોધકે 'શ્રધ્ધાંજલી', 'બિરદાવલી', 'દિવાળી'ના વગેરે જેવા તંત્રીલેખોના સમાવેશ કર્યો છે.

➢ **દિવ્ય ભાસ્કર**

દિવ્યભાસ્કર માં પણ સૌથી વધુ રાજકારણના તંત્રીલેખો આપવામાં આવે છે. ત્યારબ રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય બાબતો પરનાં વિષય પર તંત્રીલેખો રજૂ કરવામાં આવે છે. અહીં ૧૦૩ કુલ તંત્રીલેખોમાં સૌથી વધુ ૨૫ લેખ રાજકારણ અને ૨૧ લેખ રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીયના છે. પરંતુ સંદેશ સાથે તુલના કરતાં દિવ્યભાસ્કર સંદેશ કરતાં વધુ વિષય વૈવિધ્ય આપે છે તેમ જોઈ શકાય છે. તંત્રીલેખોમાં રાજકારણને ૨૪ ટકા, અર્થકારણને ૧૧ ટકા, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય બાબતોને ૨૦ ટકા, વિજ્ઞાન પર્યાવરણને ૫ ટકા, રમત, સાહિત્ય, શિક્ષણને ૧૧ ટકા તેમજ કાયદા, ગુનાખોરી ૧૧ ટકા સામાજિકને ૧૧ ટકા અને અન્યને છ ટકા મહત્વ આપવામાં આવ્યું છે.

➢ **ગુજરાત સમાચાર**

ચાર માસના કુલ તંત્રીલેખો પર સરેરાશ અવલોકન કરતાં ગુજરાત સમાચારમાં રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય બાબતો અને ત્યારબાદ રાજકારણ વિષય તેના તંત્રીલેખોમાં પ્રભુત્વ

ધરાવે છે. ઉપરાંત અહી પણ તુલના કરતાં સંદેશ કરતાં ગુજરાત સમાચાર બીજા વિષયોને પણ સાચી મહતા આપે છે.

પરંતુ દિવ્યભાસ્કર જેટલું માસ પ્રમાણેનું વિષય વૈવિધ્ય જોવા નથી મળતું. ગુજરાત સમાચાર કુલ ૧૦૩ લેખોમાં ૨૭ જેટલા લેખ માત્ર રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય બાબતો પરના આપ્યા છે. જેની સામે વિજ્ઞાન, પર્યાવરણ વિષયના લેખ સૌથી ઓછા આપ્યા છે.

આ વિષયોને નીચે જોતાં રાજકારણને ૨૪ ટકા, અર્થકારણને ૧૩ ટકા, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય બાબતોને ૨૬ ટકા, વિજ્ઞાન, પર્યાવરણને ૩ ટકા, રમત,સાહિત્ય, શિક્ષણને ૪ ટકા, કાયદા, ગુનાખોરીને ૯ ટકા, સામાજિકને ૮ ટકા તેમજ અન્ય વિષયને ૧૩ ટકા મહત્વ આપવામાં આવે છે.

- **ફૂલછાબ**

ફૂલછાબના ચારેય માસની તુલના કરતાં તેમા અહી પણ સામાન્યતઃ રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય બાબતો અને રાજકારણ ના વિષયને વધુ મહત્વ આપવામાં આવ્યું છે. પરંતુ તે સિવાયના વિષયો પણ અન્ય અખબારો કરતાં ફૂલછાબમાં સૌથી વધુ મહત્વ પામ્યા છે.

'ફૂલછાબ'ના કુલ ૧૬૮ લેખોમાંથી રાજકારણને ૨૩ ટકા, અર્થકારણને ૧૬ ટકા, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય બાબતોને ૨૩ ટકા, વિજ્ઞાન, પર્યાવરણને 6 ટકા, રમત, સાહિત્ય, શિક્ષણને ૯ ટકા, કાયદા, ગુનાખોરીને ૯ ટકા સામાજિકને ૧૦ ટકા અને અન્ય વિષયને ૬ ટકા મહત્વ આપવામાં આવ્યું છે. વિષયપસંદગી વિશે સરેરાશ ચારેય અખબારોનું અવલોકન કર્યા બાદ કહી શકાય કે,

સૌરાષ્ટ્રના આ અગ્રણી અખબારોમાં અધ્યયનના સમયગાળામાં સૌથી વધુ તંત્રીલેખો રાજકારણ તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વિષય પરના છે. જેમાં 'સંદેશ'ના કુલ ૪ મહિનાના ૧૦૩ લેખમાંથી રાજકારણને ૨૫ ટકા અને રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીયને ૨૭ ટકા મહત્વ અપાયેલું જેવા મળે છે. જયારે 'દિવ્યભાસ્કર'ના ૧૦૩ લેખ માંથી રાજકારણને ૨૪ ટકા, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય બાબતોને ૨૦ ટકા મહત્વ આપ્યું છે.

તો 'ગુજરાત સમાચાર' અને 'ફૂલછાબ'ના કુલ ૧૦૩ અને ૧૬૮ લેખમાંથી અનુકમે રાજકારણ ને ૨૪ ટકા અને ૨૩ ટકા અને રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય બાબતને ૨૬ ટકા અને ૨૩ ટકા મહત્વ અપાયું છે. વિષય પસંદગીમાં પ્રથમ ફૂલછાબ વિષય વૈવિધ્યમાં પણ મોખરે છે ત્યારબાદ દિવ્યભાસ્કર ના તંત્રીલેખોમાં પણ સારા પ્રમાણમાં વિષય વૈવિધ્ય જોવા મળ્યું છે.

સાથે જ આ ચારેય અખબારોમાંથી કોઈપણ અખબારમાં તંત્રીલેખ સાઈન્ડ એડિટ પ્રગટ થતો નથી. વળી 'દિવ્યભાસ્કર', 'ગુજરાત સમાચાર' અને 'સંદેશ'ના તંત્રીલેખો તો અમદાવાદની તેમની મુખ્ય ઓફિસના તંત્રી દ્વારા લખવામાં આવે છે. જયારે સૌરાષ્ટ્રનું એક જ અખબાર ફૂલછાબના તંત્રીલેખ તેના સૌરાષ્ટ્રના તંત્રી લખે છે.

**(૨) શૈલી અને સ્વરૂપ**

તંત્રીલેખોના વિષયને જણ્યા બાદ તેના સ્વરૂપ અને શૈલીને જાણીએ.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

- **સ્વરૂપ**

સ્વરૂપ બાબતે તંત્રીલેખોનો અભ્યાસ કરતાં અધ્યયન માટે પસંદ કરેલા બધા જ અખબારોના સ્વરૂપો એકસરખા બે કોલમ ઉભા માં લખવામાં આવે છે. પરંતુ અહી તપાસતાં દરેક અખબાર તંત્રીપાનાનું માપ અલગ હોવાને કારણે તેની કોલમનાં માપ અલગ અલગ જોવા મળે છે. જેમકે સંદેશની કોલમ ની પહોળાઈ ૪.૪ છે તો દિવ્યભાસ્કરની ૪.૩, ફૂલછાબની ૩.૭ અને ગુજરાત સમાચારની ૪.૫ કોલમ પહોળાઈ જોવા મળે છે જેના કારણે તેના તંત્રીલખો પણ બે કોલમના સ્વરૂપમાં હોવા છતાં તે બે કોલમનાં માપમાં ફેર પડે છે.

ઉપરાંત એક મોટો ફેરફાર તંત્રીલેખોમાં જોવા મળે છે કે, દિવ્યભાસ્કર, ગુજરાત સમાચાર અને સંદેશ તસ્વીર વિના તંત્રીલેખ પ્રગટ કરે છે જ્યારે ફૂલછાબ ઘણી વખત તેમાં તરવીર પણ મૂકે છે.

સામાન્ય રીતે 'દિવ્યભાસ્કર' સિવાય બધા અખબારો તંત્રીલેખના પૃષ્ઠને બ્લેક એન્ડ વ્હાઈટ સ્વરૂપમાં મૂકે છે. દિવ્યભાસ્કર પણ ઘણી વખત બ્લેક એન્ડ વ્હાઈટ સ્વરૂપમાં મૂકે છે. પરંતુ તે કલર પેજ પણ આપે છે.

તંત્રીલેખના સ્વરૂપમાં 'દિવ્યભાસ્કર' ના દિવાળીના અખબારના તંત્રીપાનામાં ફેર દેખાય છે. આ દિવસે તંત્રીલેખ ઉભી કોલમના બદલે આડી ૮ કોલમમાં આપવમાં આવેલો હતો.

આ ઉપરાંત શૈલીની બાબતે તંત્રીલેખો તપાસતા દરેકની ઢબ અલગ છે. પરંતુ પહેલા શૈલીમાં આવતા દરેક અખબારનાં અમુક ઢબના શબ્દો જોઈએ.

**(૧) ગુજરાત સમાચાર**

હાથ હેઠા પડવા, શંખ ફૂકવો, પિતો જવો, હવામાં હાથ વીઝવા, આરંભે શૂરા, પાણીમાં બેસી જવું, પડતા પર પાટુ મારવું, ગંજ ખડકવા વગેરે જવા શબ્દો અને કહેવતો ગુજરાત સમાચારના તંત્રીલેખોમાં પ્રચુર માત્રામાં જોવા મળે છે.

આ લેખમાં પણ 'ખોટ વધીને વડ થઈ ગઈ', 'પાણી માથા પરથી નીકળી ગયું', ઊંડા પાણીમાં ઉતરેલી', 'અમર ચમન', 'માંડી વાળે', શબ્દો અને કહેવતોનો ઉપયોગ થયો છે. ઉપરાંત ગુજરાત સમાચારના આ તંત્રીલેખનું શીર્ષક પણ કહેવત જ છે. અને આ તંત્રીલેખની શૈલી કટાક્ષમય જોવા મળે છે.

શૈલી બાબતના સંશોધનમાં સંશોધનકર્તાને ગુજરાત સમાચારના વાંચકો દ્વારા નીચે પ્રમાણે મૂલવવામાં આવી છે. ગુજરાત સમાચારનાં ૨૮ ટકા વાંચકો છે. જેમાંના મોટાભાગના બૌધ્ધિકો છે જે ૧૯ ટકા છે અને સામાન્ય નાગરિક ૯ ટકા છે જેમણે શૈલી અઘરી છે તેવો જવાબ આપ્યો છે.

**(૨) ફૂલછાબ**

જયારે હવે ફૂલછાબનું ઉદાહરણ જોઈએ.

ફુલછાબના તંત્રીલેખો પ્રાદેશિક બાબતોને પણ ઉજાગર કરનારા હોય છે. પરંતુ તેમ છતાં તંત્રલેખમાં કહેવતો કયાંય જોવા મળી નથી અને પ્રાદેશિક શબ્દ પણ માંડ એક જ જોવા મળે છે.

ઉદાહરણ: ' તળિયા ઝાટક'

**(3) સંદેશ**

સંદેશની સૈલી તેના વિષય પ્રમાણે જોતાં 'રાજકારણ' તેની વિષય અગ્રતામાં છે તેના પરનો લેખ જોઈએ.

આ લેખમાં શૈલીની સરળતા જોવા મળી છે. પરંતુ સંદેશના શીર્ષકો અન્યો કરતાં વધુ લાંબા જોવા મળે છે. ઉપરાંત લેખમાં અનેક જગ્યાએ કવોટેશન મૂકવામાં આવ્યા છે. અને તેના પર વિવરણ આપ્યું છે.

સામાન્ય રીતે માત્ર એક લેખ પરથી અભિપ્રાય આપવો ખોટો છે. પરંતુ સંદેશના ચાર માસના તંત્રીલેખોનો અભ્યાસ એમ તારણ આપે છે કે, તેના લેખોની ભાષા એકદમ સરળ જોવા મળે છે. શૈલી સામાન્ય માણસને પણ આકર્ષે છે કારણ કે, કવોટેશન ને કારણે લોકોને માહિતી પણ વધુ મળે છે.

**(૪) દિવ્ય ભાસ્કર**

દિવ્યભારકર વિશે આગળ આપણે 'Short & Sweet' શબ્દ વાપર્યો છે. તેના તંત્રીલેખો નાના હોવા છતાં તેના લેખમાં સાંપ્રત બાબતના તમામ પાસા અને તે બાબત પરના ભવિષ્યના અનુમાનો અને વિશ્લેષણ પણ સ્પષ્ટ સારી સરળ શૈલીમાં આપવમાં આવે છે. જે નીચેના લેખમાં જોઈ વધુ સ્પષ્ટ થશે. આ લેખમાં પણ સંદેશની જેમ કોઈ વ્યકિત કરે છે તેમ લખાણ સાથે વાત મૂકવામાં આવે છે.

આમ, અધ્યયનના ચારેય અખબારો જોતાં ગુજરાત સમાચારની શૈલી ખાસ બૌધ્ધિકોને વધુ પસંદ પડે તેવી જોવા મળે છે. જયારે ફૂલછાબ, દિવ્યભાસ્કર અને સંદેશની શૈલી સામાન્ય વાંચક ને પણ સરળ લાગે તેવું જોવા મળ્યું છે.

**સંદર્ભો**

(१) द्विवेदी मनीषा', पत्रकारिता एवं प्रेस कानून', पृ.नं. ६७

(२) डॉ हरिमोहन, 'समाचार फीचर लेखन एवं संपादन कला', पृ.नं.१६९